સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન
સરનામુ-જુનુ હેડ ક્વાર્ટર, અઠવાલાઇન્સ,
સુરત શહેર

**સોશીયલ મીડીયા ઇન્સ્ટાગ્રામ ઉપર ફરીયાદીના નામનું ફેક એકાઉન્ટ બનાવી ફરીયાદીના અંગત ફોટોગ્રાફ તેઓની સંમતી વગર અપલોડ કરતી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરીને ઝડપી પાડતી સુરત શહેર સાયબર ક્રાઇમ**

ચોકબજાર પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૧૯/૨૦૧૯ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૦ ની કલમ-૬૬(સી),(ડી) મુજબનો ગુન્હો દાખલ થયેલ જે ગુન્હામાં સંડોવાયેલ ઇસમે ઇન્સ્ટાગ્રામ ઉપર આ કામના ફરીયાદીના નામનું ફેક એકાઉન્ટ બનાવી તેઓના અંગત ફોટોગ્રાફ ફરીયાદીની સંમતી વગર અપલોડ કરેલ હતા. સદર ગુન્હો સોશીયલ મીડીયા સબંધેનો હોય ટેકનીકલ સર્વેલન્સ આધારે સદર ગુન્હો શોધી કાઢવા સારૂ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા ટેકનીકલ સર્વેલન્સ આધારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઇડેન્ટીફાઇ કરી સાયબર ક્રાઇમ પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી જે.બી.આહીર તથા ટીમના પોલીસ માણસોએ સદર ગુન્હાઓમાં સંડોવાયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરીને શોધી કાઢી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે લઇ આવતા તેની પુછ પરછ કરતા તેણીએ આ કામના ફરીયાદીના નામનું ઇન્સ્ટાગ્રામ ઉપર ફેક એકાઉન્ટ બનાવી ફરીયાદીના ફોટો અપલોડ કરેલ હોવાની કબુલાત કરેલ હોય જે ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રશંસનિય કામગીરી કરવામાં આવેલ છે.